# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 02-01-2025** **MIDDAY : 1.20 to 1.30**
**Day : THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, વેપારીઓના સશક્તિકરણ અને ઇ-કૉમર્સ ક્ષેત્રે ક્રાન્તિ લાવવામાં ઑપન નેટવર્કનું મહત્વનું યોગદાન

2) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે નવી દિલ્હીમાં જમ્મુ-કાશ્મીર અને લદ્દાખના ઇતિહાસને રજૂ કરતા પુસ્તકનું વિમોચન કરશે

3) દેશમાં વર્ષ 2024માં વાહનોનું વાર્ષિક વેચાણ 9 ટકા વધીને 2 કરોડ 60 લાખ થયું

4) ઉત્તરપ્રદેશ, પંજાબ, હરિયાણા, ચંદીગઢ અને મધ્યપ્રદેશમાં આજે તીવ્ર ઠંડીની આગાહી

5) ઓડિશામાં હૉકી ઇન્ડિયા લીગમાં આજે સુરમા હૉકી ક્લબ યુપી રુદ્રાસ સામે રમશે

****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM ONDC

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે, ડિજિટલ કોમર્સ માટે ઑપન નેટવર્ક- ONDCએ નાના વેપારીઓના સશક્તિકરણ અને ઇ-કોમર્સ ક્ષેત્રે ક્રાન્તિ લાવવામાં મહત્વનું યોગદાન આપ્યું છે. સોશિયલ મીડિયાના એક સંદેશમાં શ્રી મોદીએ કહ્યું કે, વૃદ્ધિ અને સમૃદ્ધિ વધારવામાં ONDC મહત્વની ભૂમિકા ભજવી રહ્યું છે.

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે કહ્યું કે, મોદી સરકારે ભારતમાં ઇ-કૉમર્સને લોકતાંત્રિક બનાવવાના ઉદ્દેશથી વર્ષ 2021માં ONDC શરૂ કરાવ્યું હતું. તેમણે કહ્યું, ગત ત્રણ વર્ષમાં ONDCએ અસંખ્ય સિદ્ધિઓ હાંસલ કરી છે અને પોતાના નેટવર્ક પર એક સમાન મંચનું નિર્માણ કરીને વેપારીઓ, ખાસ કરીને લઘુ ઉદ્યમીઓના સશક્તિકરણમાં મદદ કરી છે.

# PM MAHARASHTRA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મહારાષ્ટ્રમાં અંતરિયાળ અને માઓવાદ અસરગ્રસ્ત વિસ્તારોમાં ચોતરફી વિકાસ સુનિશ્ચિત કરવાના રાજ્ય સરકારના પ્રયાસોની પ્રશંસા કરી છે. શ્રી મોદીએ કહ્યું, આ પ્રયાસોથી ચોક્કસપણે જીવન સરળતાને પ્રોત્સાહન મળશે તેમજ ઝડપી વિકાસનો માર્ગ મળશે. તેમણે ખાસ કરીને ગઢચિરોલી અને આસપાસના વિસ્તારના લોકોને અભિનંદન પાઠવ્યા છે.

આ ક્ષેત્રોમાં ગઈકાલે 11 નક્સલવાદીઓએ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ સમક્ષ આત્મસમર્પણ કર્યું હતું. શ્રી ફડણવીસે કહ્યું હતું કે, મોટી સંખ્યામાં માઓવાદીઓએ હથિયાર મૂકી  દેતા અને નવા લોકોને પોતાના સમૂહમાં સામેલ કરવાની તેમની નિષ્ફળતાને જોતા મહારાષ્ટ્ર ઝડપથી નક્સલવાદી સમસ્યાથી

મુક્ત થઈ જશે. મુખ્યમંત્રીએ જિલ્લામાં વાંગેતુરી-ગાર્દેવદા-ગટ્ટા-અહેરી માર્ગ પર મહારાષ્ટ્ર રાજ્ય પરિવહન નિગમની 32 કિલોમીટર લાંબા ગટ્ટા-ગાર્દેવદા-વાંગેતુરી માર્ગનું પણ ઉદ્ઘાટન કર્યું હતું.

# PM DELHI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે દિલ્હીમાં વિવિધ વિકાસ પરિયોજનાઓનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. શ્રી મોદી રાષ્ટ્રીય રાજધાનીના અશોક વિહારમાં ઝૂંપડપટ્ટી વિસ્તારમાં રહેવાસીઓ માટે અંદાજે એક હજાર 700 નવનિર્મિત ફ્લેટોનું પણ લોકાર્પણ કરી પાત્ર લાભાર્થીઓને ચાવીઓ સોંપશે.

ઉપરાંત પ્રધાનમંત્રી દ્વારકામાં અંદાજે 300 કરોડ રૂપિયાની કિંમતથી બનાવવામાં આવેલા કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડના સંકલિત કાર્યાલય પરિસરનું પણ ઉદ્ઘાટન કરશે, જેમાં અન્ય સુવિધાઓ સિવાય કાર્યાલય ભવન, એક પ્રેક્ષકગૃહ, એક અત્યાધુનિક ડેટા કેન્દ્ર અને જળ વ્યવસ્થાપન પ્રણાલિ સામેલ છે. શ્રી મોદી 600 કરોડ રૂપિયાના ખર્ચે દિલ્હી વિશ્વ-વિદ્યાલયમાં ત્રણ નવી પરિયોજનાઓનો પણ શિલાન્યાસ કરાવશે.

# AMIT SHAH BOOK RELEASE

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે જમ્મુ-કાશ્મીર અને લદ્દાખના ત્રણ હજાર વર્ષના ઇતિહાસને રજૂ કરતા પુસ્તકનું વિમોચન કરશે. ‘જમ્મુ-કાશ્મીર એન્ડ લદ્દાખઃ થ્રૂ ધી એજેઝ’ નામના પુસ્તકના સાત ખંડમાં જમ્મુ-કાશ્મીર અને લદ્દાખના ત્રણ હજાર વર્ષના ઇતિહાસને રજૂ કરાયો છે.

નવી દિલ્હીમાં આજે આ પુસ્તક વિમોચનના કાર્યક્રમમાં શ્રી શાહ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે. તેમની સાથે કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન પણ આ પ્રસંગે ઉપસ્થિત રહેશે. તેમજ કાર્યક્રમમાં અનેક પ્રખ્યાત લેખક, શિક્ષણવિદ્, મંત્રાલયના અધિકારીઓ સહિતના મહાનુભાવો અતિથિ બનશે. આ પુસ્તક રાષ્ટ્રીય પુસ્તક ટ્રસ્ટ અને ભારતીય ઐતિહાસિક અનુસંધાન પરિસદના સહયોગથી હિન્દી અને અંગ્રેજી બંને ભાષામાં પ્રકાશિત છે.

# BIHAR GOVERNOR OATH

બિહારમાં, નવનિયુક્ત રાજ્યપાલ આરિફ મોહમ્મદ ખાને આજે રાજ્યના રાજ્યપાલ તરીકે હોદ્દા અને ગુપ્તતાના શપથગ્રહણ કર્યા હતા. પટના વડી અદાલતના મુખ્ય ન્યાયાધીશ જસ્ટિસ કે. વિનોદ ચંદ્રને પટનાના રાજભવન ખાતે શ્રી ખાનને પદના શપથ લેવડાવ્યા હતા. દરમિયાન મુખ્યમંત્રી નીતિશ કુમાર, નાયબ મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરી, સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# VEHICLE RETAIL SALE

ભારતમાં વર્ષ 2024માં વાહનોનું વાર્ષિક વેચાણ 9 ટકા વધીને 2 કરોડ 60 લાખ થયું છે.

આ સાથે વૈશ્વિક મહામારી પહેલા વર્ષ 2018માં નોંધાયેલા 2 કરોડ 54 લાખ વાહનોના વાર્ષિક વેચાણના વિક્રમને વટાવી દીધો છે. ઉદ્યોગના નિષ્ણાતોના મતે આ વર્ષે વાણિજ્યિક વાહનોનું વેચાણ મોટાભાગે સરકારના માળખાગત ખર્ચ પર નિર્ભર રહેશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

ગોન્ગ મ્યૂઝિક

## PM - DR K S MANILAL

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પ્રખ્યાત વનસ્પતિશાસ્ત્રી ડૉ. કે. એસ. મણિલાલના અવસાન પર શોક વ્યક્ત કર્યો છે. ડૉ. મણિલાલનું 86 વર્ષની વયે કેરળના ત્રિસુરમાં લાંબી માંદગી બાદ અવસાન થયું હતું.

સોશિયલ મીડિયાના માધ્યમથી , શ્રી મોદીએ જણાવ્યું કે વનસ્પતિ વિજ્ઞાનમાં તેમનું કાર્ય આગામી પેઢીના વનસ્પતિશાસ્ત્રીઓ અને સંશોધકો માટે માર્ગદર્શક બની રહેશે.

## IMD WEATHER

હવામાન વિભાગે આજે ઉત્તરપ્રદેશમાં કેટલીક જગ્યાએ તીવ્ર ઠંડી પડવાની આગાહી કરી છે. જ્યારે પંજાબ, હરિયાણા, ચંદીગઢ અને મધ્યપ્રદેશમાં પણ તીવ્ર ઠંડીની શક્યતા છે. તેમજ હિમાચલ પ્રદેશ, રાજસ્થાન, મધ્યપ્રદેશ, છત્તીસગઢ અને પશ્ચિમ બંગાળના તરાઈ વિસ્તારોમાં રાત્રિ અને સવારના સમયે ગાઢ ધુમ્મસની સંભાવના છે.

હવામાન વિભાગે આગામી પાંચ દિવસમાં ઉત્તર-પશ્ચિમ ભારતમાં લઘુત્તમ તાપમાનમાં ત્રણથી પાંચ ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની આગાહી પણ કરી

છે. હવામાન વિભાગના મહાનિદેશક મૃત્યુંજય મહાપાત્રાએ જણાવ્યું હતું કે પૂર્વ, ઉત્તર-પશ્ચિમ અને મધ્ય-પશ્ચિમના કેટલાક ભાગો સિવાય આ મહિને દેશના મોટા ભાગના વિસ્તારમાં લઘુત્તમ તાપમાન સામાન્ય કરતાં વધુ રહેવાની ધારણા છે.

# TRAIN DELAYED

દેશના ઉત્તર ક્ષેત્રમાં ગાઢ ધુમ્મસના કારણે દ્રશ્યતા ઓછી થવાથી અનેક ટ્રેનની અવરજવર પર અસર થઈ છે. રેલવેના જણાવ્યા મુજબ, દિલ્હી આવતી 43 ટ્રેન પાંચ કલાક સુધી મોડી ચાલી રહી છે. આમાં પદ્માવત એક્સપ્રેસ, કાલિન્દી એક્સપ્રેસ, શ્રમશક્તિ એક્સપ્રેસ, મહાબોધિ એક્સપ્રેસ, આશ્રમ એક્સપ્રેસ, વિક્રમશિલા એક્સપ્રેસ અને કૈફિયત એક્સપ્રેસ સામેલ છે. પ્રવાસીઓને સ્ટેશન પહોંચતા પહેલા પોતાની ટ્રેનનો સમય તપાસી લેવા રેલવે વિભાગ દ્વારા સલાહ આપવામાં આવી છે.

# HOCKEY INDIA LEAGUE

હૉકી ઇન્ડિયા લીગ 2024-25માં, સુરમા હૉકી ક્લબ આજે ઓડિશામાં રાઉરકેલાના બિરસા મુંડા હૉકી સ્ટેડિયમમાં યુપી રુદ્રાસ સામે રમશે. આ મેચ રાત્રે સવા આઠ વાગ્યે શરૂ થશે.

અગાઉ, શ્રાચી રાઢ બંગાળ ટાઈગર્સે ગઈકાલે રાત્રે હૉકી ઇન્ડિયા લીગની તેમની બીજી મેચમાં ટીમ ગોનાસિકાને 2-1થી હરાવ્યું હતું. રુપિન્દર પાલ સિંઘે બંગાળ ટાઈગર્સ માટે બે વખત ગોલ કરીને તેમની સતત બીજી જીત અને સ્પર્ધામાં પ્રારંભિક લીડ સુનિશ્ચિત કરી.

# DAY TENNIS BRISBANE INTERNATIONAL

બ્રિસ્બન ઇન્ટરનેશનલ ટૅનિસમાં ભારતના ઋત્વિક ચૌધરી બોલિપલ્લી અને નેધરલૅન્ડના રૉબિન હાસે આજે સવારે પુરુષ ડબલ્સ સ્પર્ધાની પ્રિ-ક્વાર્ટર ફાઈનલમાં ઑસ્ટ્રેલિયાની જોડી રિન્કી હિજિકાટા અને જેસન કુબલર સામે સતત સેટમાં હારી ગઈ છે. ઑસ્ટ્રેલિયાની જોડીએ એક કલાક અને પાંચ મિનિટમાં મેચ 6–4, 6–2થી જીતી લીધી છે.

બ્રિસ્બન ઇન્ટરનેશનલ એક વ્યવસાયિક ટૂર્નામેન્ટ છે, જે બ્રિસ્બન, ક્વિન્સલૅન્ડ, ઑસ્ટ્રેલિયામાં આઉટડૉર હાર્ડકૉર્ટ પર રમવામાં આવે છે. ટૅનિસ કૅલેન્ડરમાં તેને WTA 500 અને ATP 250નો દરજ્જો મળ્યો છે.

# INDIA-VANUATU

ભારતે રાહત, પુનર્વસન અને પુનઃનિર્માણના પ્રયાસોને સમર્થન આપવા માટે વનુઆતુને પાંચ લાખ ડૉલરની રાહત સહાય આપી છે. વિદેશ મંત્રાલયે જણાવ્યું કે, ભારત માનવતાવાદી સહાય અને આપત્તિ રાહત માટે પ્રતિબદ્ધ છે.

ઉલ્લેખનીય છે કે, ગયા મહિનાની 17મી તારીખે દક્ષિણ પેસિફિક મહાસાગરમાં વનુઆતુના કિનારે 7.4ની તીવ્રતાના ભૂકંપના આંચકાઓ અનુભવાયા હતા, જેના કારણે ભારે વિનાશ અને જાનહાનિ થઈ હતી. ભારત સરકાર અને વનુઆતુના લોકો પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરી હતી અને મુશ્કેલીના સમયમાં શક્ય તમામ સહાયતા આપવાની તૈયારી દર્શાવી હતી.

# US HOMEWORK LAW

અમેરિકાના કેલિફોર્નિયા રાજ્યએ વિદ્યાર્થીઓ પર હોમવર્કના માનસિક તણાવને ઘટાડવા નવો કાયદો પસાર કર્યો છે. આ કાયદાનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓના શિક્ષણ અને કલ્યાણને પ્રોત્સાહન આપવાનો અને હોમવર્કમાં સરળતા અને સ્પષ્ટતા સુનિશ્ચિત કરવાનો છે. આ કાયદો પહેલી જાન્યુઆરી, 2025થી અમલમાં આવ્યો છે.